| | | | |
|---|---|---|---|
| <?xml version="1.0" ?> | | | |
| <?xml-stylesheet type="text/css" href="home.css"?> | | | |
| <Doc id="guj-w-media- | GJ00001 | " | lang="Gujarati"> |
| <Header type="text"> | | | |
| <encodingDesc> | | | |
| <projectDesc> | CIIL-Gujarati Corpora, Monolingual Written Text | | </projectDesc> |
| <samplingDesc> | Simple written text only has been transcribed. Diagrams, pictures, tables and verses have been omitted. Samples taken from page 20-21, 40, 60-61, 80, 100-101, 120, 140-141, 160, 180, 200-201, 220-221, 240 | | </samplingDesc> |
| </encodingDesc> | | | |
| <sourceDesc><br><biblStruct><br><source> | | H.M. Library, MSU, Baroda | |
| | <category> | Aesthetics | </category> |
| | <subcategory> | Literature- Diaries | </subcategory> |
| | <text> | Book | </text> |
| | <title> | dina pratidina bhagavAna sAthE | </title> |
| | <vol> | | </vol> |
| | <issue> | | </issue> |
| </source> | | | |
| <textDes> | | | |
| | <type> | | </type> |
| | <headline> | | </headline> |
| | <author> | A. dEvarAja mudaliyAra | </author> |
| | <translator> | rAmakxSNa tulajArAma vyAsa | </translator> |
| | <words> | 3475 | </words> |
| </textDes> | | | |
| <imprint> | | | |
| | <pubPlace> | Ahmedabad | </pubPlace> |
| | <publisher> | shrI rAmakxSNa sEvA samiti | </publisher> |
| | <pubDate> | 1982 | </pubDate> |
| </imprint> | | | |
| <idno type="CIIL code"> | | BL 1106 R2D2 | </idno> |
| <index> | | GJ00001 | </index> |
| </biblStruct><br></sourceDesc> | | | |
| <profileDesc><br><creation> | | | |
| | <date> | 29-May-2009 | </date> |
| | <inputter> | Manisha | </inputter> |
| | <proof> | Hiren, Moti | </proof> |
| </creation> | | | |
| <langUsage> | | Gujarati | </langUsage> |
| <wsdUsage> | | | |
| <writingSystem id="ISO/IEC 10646">Universal Multiple-Octet Coded Character Set (UCS).<br></writingSystem> | | | |
| </wsdUsage> | | | |
| <textClass> | | | |
| <channel mode="w"> | | print | </channel> |
| <domain type="public"> | | | </domain> |
| </textClass><br></profileDesc><br></Header> | | | |

| <text><body> | | |
|---|---|---|
| <p> | ત્રણ-ચાર દિવસ પછી શ્રી દેસાઈ (નિવૃત ઉપન્યાયાધીશ) એ ભગવાનને પુછયું કે રમણગીતામાં કહ્યા મુજબ પ્રાણ કે જીવનપ્રવાહને સુષુમ્ણાનાડીમાં કેવી રીતે લઈ જવો, જેથી આપણે ચિજ્જડ ગ્રંથિનું ભેદન કરી શકીએ? | </p> |
| <p> | ભગવાન : "હું કોણ છું?" એવા અન્વેષણથી. યોગીનું લક્ષ્ય કુંડલિની જગાડીને સુષુમ્ણા સુધી ઉપર લઈ જવાનું છે. જ્ઞાનીનું એ લક્ષ્ય ન પણ હોય. છતાં બંને કુંડલિનીને ઊપર લઈ જઈને ચિજ્જડગ્રંથિભેદ સાધે છે. કુંડલિની આત્માનું કે આત્મા શક્તિનું નામ છે. આપણે પોતાની જાતને શરીરમાં જ મર્યાદિત માનીએ છીએ, તેથી એ શરીરની અંદર છે, એમ કહીએ છીએ. વસ્તુતઃ એ અંદર-બહાર બધે છે, કારણ કે એ બીજું કાંઈ નહિ પણ આત્મા કે આત્મશક્તિ છે. | </p> |
| <p> | દેસાઈ : નાડી-મંથન શી રીતે થાય, જેથી કુંડલિની ઉપર સુષુમ્ણા સુધી જઈ શકે? | </p> |
| <p> | ભગવાન : જો કે યોગીને આ માટે પોતાની પદ્ધતિઓ જેવીકે, શ્વાસનિરોધ, પ્રાણાયામ, મુદ્રાઓ વગેરે હોઈ શકે. પરંતુ જ્ઞાનીની પદ્ધતિ કેવળ આત્માનુંસંધાન છે. આ પદ્ધતિથી જ્યારે મનનો આત્મામાં લય થાય છે, એની શક્તિ કે કુંડલિની આપમેડે ઊર્ધ્વગામિની થાય છે. | </p> |
| <p> | બીજે દિવસે આવેલા એક મુલાકાતીએ પ્રશ્ન કર્યા કે ગાયત્રીમાં પ્રયોજેલો "ધીમહિ" શબ્દનો શો અર્થ નથી સમજી શકયો. | </p> |
| <p> | ભગવાન : એનો અક્ષરાર્થ "અમે ધ્યાન કરીએ છીએ", એવો થાય છે. પણ ખરો અર્થ "અહં" ને આત્મામાં પ્રતિષ્ઠિત કરવાનો છે. | </p> |
| <p> | મુલાકાતી : હું "તત્" કે આત્માનો ખ્યાલ બાંધી શકતો નથી. પછી મારે "અહમ્" ને "તત્" માં શી રીતે પ્રતિષ્ઠિત કરવો? | </p> |
| <p> | ભગવાને ગીતાનો શ્લોક કહ્યો ત્યાર પછી હ્રષીકેશાનંદે માંડૂક્ય ઉપનિષદમાંનો આદિ અને અંત શબ્દોવાળો શ્લોક શોધી કાઢયો. એને સમજાવતાં ભગવાને કહ્યું : "જે આદિમાં અને અંતમાં નથી, પણ મધ્યમાં છે એ સત્ય હોઈ શકે નહી, આદિ અને અંતમાં પણ હોય એ સત્ય છે." | </p> |
| <p> | ડો. શ્રી નિવાસ રાવે ભગવાનને પૂછ્યું - આપણે પોતાની અંદર "હું કોણ છું?" એમ શોધીએ છીએ, એ શું છે? | </p> |
| <p> | ભગવાન : એ અહંકાર છે. ફકત એ જ એક છે જે વિચાર પણ કરે છે. આત્માને વિચાર નથી. જે શોધ કરે છે તે અહંકાર છે અને જે ‘હું’ વિશે શોધ કરાય છે, એ પણ અહંકાર છે શોધના પરિણામે અહંકાર નષ્ઠ થાય છે, અને ફકત આત્મા અસ્તિત્વ ધરાવતો જણાય છે. | </p> |
| <p> | મેં ભગવાનને પુછયું : આજે સવારે હ્રષીકેશાનંદે શ્લોક કહ્યો કે જયાં જયાં મન જાય, ત્યાં ત્યાં સમાધિ છે. એવું શી રીતે બની શકે? અમારું મન તો ગમે તેની પાછળ જાય છે. એ સમાધિ હોઈ શકે? | </p> |
| <p> | ભગવાને વધુમાં ઉમેર્યુ કે પવલકુન્નુના પરિસરમાં જે મંદિર હશે એ ટિપુના હુમલાથી નષ્ટ થઈ ગયું હોય એમ લાગે છે. વર્તમાન મંદિર પચાસ વર્ષ પહેલાં બંધાયું હતું પવલકુન્નુ અને મંદિરની ઉત્તર તરફની દીવાલ વચ્ચે એમણે જુની તોપના અવશેષો જોયા હતા. એમ લાગે છે કે ટિપુ સુલતાને પવલકુન્નુ પાસે તોપ મુકીને કિલ્લાજેવી મંદિરની ઉત્તરની દિવાલ પર હુમલો કર્યો હશે, જેની નિશાની હજી પણ ત્યાં જોવા મળે છે. એવું જણાય છે કે ભગવાને આપેલી | </p> |

| | | |
|---|---|---|
| | માહિતી સરકારને પહોંચાડવામાં આવી હતી અને તોપને પ્રાચીન અવશેષ તરીકે લઈ જવામાં આવી હતી. | |
| <p> | રાત્રિ | </p> |
| <p> | 11મીની રાતે દર્શાવાયેલી ભગવાનની ફિલ્મ જે લોકો જોઈ શકયા ન હતા એમને માટે આજે સાંજે 6-30 વાગ્યે ફરીથી ભોજનગૃહમાં દેખાડવામાં આવી. અમારા ત્યાં જતાં પહેલાં ભગવાને કહ્યું કે યોગાનંદ અને નોયે નામની અમેરિકન મહિલાના ગુરુ શુક્લે એમની ફિલ્મ લીધી હતી, જેને હોલીવુડમાં ગ્રાન્ટ ડફે જોઈને આશ્રમને લખ્યું હશે. | </p> |
| <p> | **16-12-45** | </p> |
| <p> | આજના  "સન્ડે ટાઈમ્સ" સિલોનના વી. એફ. ગુણરત્નનો લેખ "ઈન સાયલન્ટ એડોરેશન ઑફ શ્રી મહર્ષિ" પ્રગટ થયો છે. મેં એના પર નજર ફેરવી. ભગવાને કહ્યું કે ડૉ.સૈયદે એ વાંચ્યો છે, અને એમને એ નીરસ લાગ્યો છે. ત્યારે મેં કહ્યું કે એને મેં હસ્તપ્રતના રૂપમાં ગઈ વખતની જયંતિ પ્રસંગે અગાઉ વાંચ્યો હતો. એમાં ભગવાનના ઉપદેશો સંક્ષેપમાં આપ્યાં છે, પણ આપણા માટે કંઈ નવું નથી. | </p> |
| <p> | **19-12-45** | </p> |
| <p> | એક મહિલાએ બીજી મહિલાનો પરિચય આપતાં ભગવાનને કહ્યું : "સુબ્બુ આવ્યાં છે." પહેલાં તો તેઓ એને ઓળખી શકયા નહીં, પણ પરિચય આપતાં જ બોલ્યા : "એ સુબ્બુકુદી છે કે?" અને એમને તિરુચ્યુલીના ચેલ્લમ ભટ્ટારનાં નાનાં બહેન તરીકે ઓળખ્યાં. ભગવાન એમની સાથે બચપણમાં રમ્યાં હતાં. એમણે કહ્યું, આમનાં કાકી મને પોતાનાં ઘેર લઈ જતાં અને વ્હાલ કરતાં. મેં પુછ્યું : "તેઓ હાલમાં કયાં છે?" ભગવાનને કહ્યું : તેઓ ઘણા વખત પહેલાં ગુજરી ગયાં. એમના પતિએ ફરીવાર લગ્ન કર્યાં હતાં અને કેટલાંક સંતાન થયાં હતાં." | </p> |
| <p> | ડૉ. સૈયદ વૃદ્ધ થયા છે. અને કેટલીક બિમારીઓને લીધે પર્વતની પ્રદક્ષિણા એમને માટે મુશ્કેલ બની છે, છતાં ભગવાન એનાં ગુણગાન કરે છે તેથી મહિના પહેલાં તેઓ પોતાનાં પત્ની સાથે ભગવાનની પરવાનગી લઈ પ્રદક્ષિણા નિર્વિઘ્ને કરી આવ્યા હતા. આજે તેઓએ ફરીથી એ માટે ભગવાનની પરવાનગી લીધી ભગવાન કહે છે કે બે વાર પ્રદક્ષિણા કરનારને પર્વત વધુ પ્રદક્ષિણા માટે આકર્ષે છે. મને એ સાચું લાગે છે અને હવે ડૉ. સૈયદ પણ એ અનુભવી રહ્યાં છે. | </p> |
| <p> | મારા બે પુત્રો, એમની પત્ની અને બાળકો તેમજ બીજાં દસ સંબંધીઓ આજે રાત્રે આવ્યાં ત્યારે ભગવાને એમના કુશળ સમાચાર પુછ્યાં, અને રહેવા વગેરેની સગવડ વિષે પૂછ્યૂં. ભગવાન દરેક આવનારની સુવિધાનો ખ્યાલ રાખે છે. કોઈ એમના ચરણો સાથે પ્રેમથી કેમ ન બંધાય? | </p> |
| <p> | અપરાહ્ણ | </p> |
| <p> | શ્રી. શર્મા મોતિયાને લીધે ફક્ત ત્રણ ફૂટ દૂર બેઠેલા મને ઓળખી શક્યા નહી. મેં શલ્ય ચિકિત્સાની સલાહ આપી, ત્યારે એમણે કહ્યું કે બીજાં ઔષધોથી અત્યાર સુધી રોકી શક્યા છે અને ભવિષ્યમાં પણ એને રોકી શકાશે તો તેઓ ઑપરેશન કરાવશે નહીં. ત્યારે મેં એમને કહ્યું કે એ બધું તો બાકીની જિંદગી પર નિર્ભર કરે છે. ત્યાર પછી જ્યોતિષ અને કુંડલીની વાત ચાલતાં મેં ભગવાનનો એ વિશે અભિપ્રાય પુછ્યો. ભગવાને કહ્યું : "એ સાચું છે જો માણસ | </p> |

| | | |
|---|---|---|
| | કર્મના સિદ્ધાંતને સ્વીકારતો હોય, તો એણે જ્યોતિષ અને જન્મકુંડલી પણ સ્વીકારવાં જોઈએ.” ત્યાર પછી શર્મા, ડૉ. સૈયદ, જી. સુબ્બા રાવ અને હું જ્યોતિષના વિજ્ઞાન વિશે અને આપણું ભવિષ્ય જાણવાનો શો અર્થ છે વગેરે વાતો કરતા રહ્યા. ત્યારે શ્રી સુબ્બા રાવ બોલ્યા કે શાંતિ પૂજા વગેરે દ્વારા જન્મકુંડળીમાં ભાખેલ ભવિષ્યને થોડેક અંશો બદલવાનું શક્ય છે. શ્રી રાવ કહેતા ગયાં કે ભગવાન જેવી વિભુતિની પદરજ કે એમની એક દ્રષ્ટિ પણ આપણાં બધાં પાપોને બાળી નાંખી શકે છે વગેરે. તે વખતે મેં કહ્યું કે સત્સંગના સદ્‌ગુણોની પ્રસંશા કરતા કેટલાક એવા લેખો મારા જાણવામાં પણ આવ્યા છે. મારે જાણવું છે કે શું આવા લેખોને અતિશયોક્તિ વિનાના અને સાચા માનવા જોઇએ? શ્રી રાવે કહ્યું કે તે ખરેખર સાચા છે, પરંતુ એમા શ્રદ્ધા હોવી જોઇએ. મે એમને કહ્યું કે જો એમજ હોય તો જેમણે સત્સંગ વિશે લખણો લખ્યા છે તેઓએ પોતે કેમ સંકેત નથી આપ્યો અને શ્રી રાવ જેવા વિવેચકો ના આધારે છોડ્યું છે. આમ કેટલોક સમય અમે ઝઘડ્યા પણ તે દરમ્યાન ભગવાન દર વખતની જેમ મૌન રહ્યાં. પછીથી અમે પણ ચૂપ થઈ ગયાં. પહેંલા એકવાર મેં ભગવાન સમક્ષ “રિયાલિટી ઈન ફોર્ટી વર્સીસ” ના પરિશિષ્ટમાં સત્સંગ ઉપર પાંચ પંકિતઓ ઉપર સવાલ કરેલો ત્યારે એમણે એટલું જ કહેલું - “મેં જેવાં હતાં (સંસ્કૃતમાં) એવાં જ પદ્યનો અનુવાદ કર્યો છે. મને પુછશો નહી.” | |
| <p> | 31-1-46 સવાર | </p> |
| <p> | ડૉ. રાવે ભગવાનના પગે તેલ માલિશ કરી રહ્યાના અડધો કલાક પછી ભગવાનને કહ્યું : "એમ લાગે છે કે એ માલિશ કરી રહ્યા છે. પણ હું માણસને જોવા માગું છું, તો ત્યાં કોઈ નથી." લગભગ અગિયાર વાગે એક મુલાકાતીએ પૂછ્યું : આજે સવારે ભગવાનને મને કહ્યું હતું : "મનુષ્ય યથાર્થને જાણે નહીં, ત્યાં સુધી એને શાંતિ મળતી નથી.” એ યથાર્થ શું છે? | </p> |
| <p> | ભગવાન : જે સદા રહે એ યથાર્થ છે. એ શાંતિ છે. શાંતિ એનું બીજું નામ છે. | </p> |
| <p> | મુલાકાતી : એ શાંતિ શી રીતે મળે? | </p> |
| <p> | ભગવાન : મેં કહ્યું એમ જે છે એ શાંતિ છે. આપણે ફક્ત મૌન રહેવું જરૂરી છે. શાંતિ આપણો સ્વભાવ છે. એમાં આપણે ખલેલ કરીએ છીએ, એ બંધ કરવી જોઈએ. શાંતિ આપણે નવેસરથી પેદા કરવાની નથી. દાખલા તરીકે, ખંડમાં અવકાશ છે, આપણે ઘણી બધી વસ્તુઓ હટાવવી જોઈએ. એ રીતે, આપણે મનમાંથી બધો કચરો, બધા વિચારો, દુર કરીએ તો શાંતિ પ્રગટ થશે. શાંતિનો અવરોધ દૂર થવો જોઈએ. શાંતિ યથાર્થ છે. | </p> |
| <p> | **1-2-46 સવાર** | </p> |
| <p> | રેડિયોએ કોચીનના મહારાજાના મૃત્યુના સમાચાર આપ્યા. ભગવાને કહ્યું : “એમની બીમારીના સમાચાર એમણે વાંચ્યા હતા. હવે તેઓ ગયા.” મેં કહ્યું “એ વૃદ્ધ હતા.” ભગવાને કહ્યું, “હા. હવે બીજો કોઈ વૃદ્ધ પુરુષ ગાદીએ આવશે. જે ગયા એ થોડા વર્ષો પહેલાં ગાદીએ આવ્યા હતા. જો અપ્પમ્ તંબીરાન્ જીવતા હોત. તો રાજા બન્યા હોત, ત્યાં ગાદીએ આવી શકે એવા ઘણા રાજકુમારો છે.” મેં કહ્યું, “આ કોચીનના રાજાઓ મુખ્યત્વે વૃદ્ધ જ નહિ પણ વિદ્વાન અને ધાર્મિક પણ હોય છે.” ભગવાને કહ્યું, “હા.તેઓ સંસ્કૃત જાણે છે. ત્રાવણકોરમાં હરિજનો માટે મંદિરો ખુલ્લાં મૂકાયાં, ત્યારે કોચીન એમાં અપવાદ હતું. એ નાનું રાજ્ય છે. પુદુકોટા એના કરતાં નાનું | </p> |

| | | |
|---|---|---|
| | છે. ડિન્ડીગુલમાં એક કિલ્લો છે. એનું મુખ્ય દ્વાર સુરક્ષિત રહેતું. અને અમને છોકરાંઓને અંદર દાખલ થવા દેતા નહિ. અમે એની દીવાલના છેડે પહોંચી એની ઉપર ચડીને કિલ્લામાં કુદી જતા અને ઉમૈયાન બ્રિટીશરોથી બચીને નીકળી ગયો હતો, એ બાકોરામાંથી બહાર નીકળી જતા. હવે અમને એ યાદ આવતાં આશ્ચર્ય થાય છે.” પછી ભગવાને “રમણલીલા”માંથી વધારે ભુલો શોધી. | |
| <p> | આગળ વધતાં ભગવાને “આત્મવિદ્યા” ની રચના શી રીતે થઈ, એ વિષે કહ્યું : “આત્મવિદ્યા” સૌથી સરળ છે. એમ કહેવા માગતા મૂરુગનારે ગીત રચતાં પલ્લવી અને અનુપલ્લવી રચ્યાં અને આગળ ન વધી શકવાથી એમણે ચરણો રચવા મને વિનંતી કરી. કંઈક જાણવા માટે વિદ્યા જરૂરી છે. જો વસ્તુ હાથમાં રહેલા આમળા કરતાં પણ વધારે સ્પષ્ટ હોય, તો સરળ કે કઠણ આત્મવિદ્યાની શી જરૂર છે? મુરુગનાર કહેવા માગતા હતા કે હાથમાં રહેલા આમળાના પ્રસિદ્ધ દાખલામાં સ્પર્શથી જાણવાની શક્તિવાળો હાથ, ફળ, જોઈ શકે એવી આંખ, ફળને ઓળખનાર માણસ વગેરે જરૂરી નથી. દાખલા તરીકે ગાઢ નિદ્રા દરમ્યાન આપણા સિવાય બીજા કશાનું અસ્તિત્વ નથી, જાગીને આપણે સ્વીકારીએ છીએ કે ત્યારે આપણું અસ્તિત્વ હતું જાગીને આપણે કહીએ છીએ : ‘હું સુખ પુર્વક સૂતો હતો અને આપણામાંથી કોઈપણ ત્યારે સૂતો અને હાલ માં જાગતો એમ બે ‘હું’ છે, એમ માનતું નથી. આમળા ને પ્રકાશિત કરવા અનેક સાધનો જોઈએ, જે બધાં આત્મા પર આધારિત કે આત્માથી પ્રગટ થયેલા છે; તો પછી એ આત્મા કેટલો સ્વંયપ્રકાશ હોવો જોઈએ? આમ પહેલાં મેં ચરણનું એક પદ્ય (કડી) રચ્યું. પણ મુરુગનારને ચારની જરૂર હતી, તેથી મેં બીજાં ત્રણ રચ્યાં. છેવટે મને યાદ આવ્યું કે જેના આધારે આ ગીત રચાયું છે, એ નંદનાર ની કથામાં જેમ પોન્નામ્બમમનો ઉલ્લેખ છે, એમ આ ગીતમાં અન્નામલઈનો ઉલ્લેખ થવો જરૂરી છે. તેથી મેં પાંચમી કડી પણ રચી. | </p> |
| <p> | શિવદાસે તૈયાર કરી મોકલાવેલું માલિશનું તેલ ખલાસ થવા આવ્યું હતું. આશ્રમને તેલ બનાવવામાં મદદ કરવા માટે ભગવાને તેલુગુ પુસ્તકનું જે પાનું ખોલ્યું તેમાંથી જ કપૂર, તુલસીનાં પાન વગેરે સામગ્રી શોધી કાઢી ભગવાને ખાસ દરકાર લઈને શિવદાસને એની તેલની શીશી પાછી મોકલાવા જણાવ્યું અને શિવદાસને એમની શીશી આપી દેવામાં આવી છે, એવું જાણ્યાં પછી જ ભગવાનને સંતોષ થયો. | </p> |
| <p> | બપોરે પછી ભગવાન “અરૂણાચલ સ્થલપુરાણ” અને “અરૂણાચલશતકમ્” વાંચતા હતા. એમાં અવ્વઈ દ્વારા પરીની પુત્રીઓના લગ્નની વાત ટુંકમાં આપી છે. ભગવાને એની “તિરૂકોવલુર સ્થલપુરાણ”માંની કથા સાથે તુલના કરી, જે વધતે-ઓછે અંશે મળતી આવતી હતી. ભગવાને અમને કહ્યું કે પ્રસિદ્ધ દાનેશ્વરી પરી મદુરા અને પિરન્મલઈ આસપાસ રહેતા હતા અને એમની પ્રસિદ્ધિની અદેખાઈથી ચેર, ચોલ અને પાંડ્ય એ ત્રણ રાજાઓએ એમને મારી નંખાવ્યા હતા. જ્યારે આ બે પુસ્તકો પરીને સિલાનના રાજા ગણાવે છે. | </p> |
| <p> | **29-3-46 અપરાહ્ણ** | </p> |
| <p> | એક મુલાકાતીએ કેટલાક સવાલો તામિલમાં લખીને ભગવાને આપ્યા. ભગવાન કહે કે એને જાણવું છે કે મનને વિષયાનંદથી પાછું વાળી એનાથી ચડિયાતા નિજાનંદ શી રીતે મગ્ન | |

| | | |
|---|---|---|
| | બનાવવું? | |
| <p> | ભગવાન : જે વિષયાનંદ નથી એમાં મનને વિલીન કરવું એ એક જ માર્ગ છે. એમાં એકાગ્ર બનતાં વિષયોનું આકર્ષણ આપ મેળે નષ્ટ થશે. | </p> |
| <p> | મુલાકાતી : ક્યારે હું એ આનંદ અનુભવીશ? | </p> |
| <p> | ભગવાન : તમે દરરોજ નિદ્રામાં એ અનુભવો છો. ત્યાં વિષય નથી, છતાં પરમ આનંદ છે. આપણે આનંદ મેળવવાનો નથી. આપણે “તે” છીએ. આનંદ આપણું બીજું નામ છે, આપણો સ્વભાવ છે. આપણે ફક્ત મન જ્યારે જ્યારે વિષયો તરફ જાય, ત્યારે પાછું વાળી આત્મામાં સ્થિર કરવું જોઈએ. | </p> |
| <p> | ભગવાન : આનંદ મેળવવા માટે મરવું જરૂરી નથી. મનોલય જ જરૂરી છે. મુત્યુ આપણું બીજું નામ છે. કારણ કે દેહત્યાગ સિવાય મુત્યુ શું છે? અશરીર હોવું આપણો સ્વભાવ છે. “યોગવાસિષ્ઠ”માં આવતી ઈન્દ્ર અને અહલ્યાની કથા સ્પષ્ટ કરે છે. કે મનનો એક વસ્તુમાં લય, એને બીજા બધાથી અપ્રભાવિત બનાવે છે. એક રાજાની પત્ની અહલ્યા ઈન્દ્ર નામના લંપટ માણસના પ્રેમમાં પડે છે, અને વાત જાહેર કલંકરૂપ બનતાં રાજાને એની જાણ થાય છે. રાજા અનેક રીતે ક્રુર સજાઓ કરે છે, પણ એ બંને પર એમની કોઈ અસર જણાતી નથી. એનું કારણ પુછતા, તેઓ કહે છે કે અમે બે એકબીજામાં લીન થયેલાં છીએ, તેથી અમારા મનમાં બીજા કોઈ વિચારને સ્થાન નથી. લીન બનેલા મનની આવી શક્તિ છે. | </p> |
| <p> | બપોરે શ્રી બોઝે ભગવાનને પૉલ બ્રન્ટનનો પત્ર બતાવ્યો. જેમાં એ લખે છે કે પોતે અમેરિકા જઈ રહ્યા છે. ગયાં છ વર્ષો દરમ્યાન ભગવાનનાં દર્શનની ખૂબ ઈચ્છા હતી, પણ આશ્રમના વલણને કારણે એ શક્ય બન્યું નથી. છતાં  હ્રદયના ઊંડાણમાં ભગવાનને તેઓ મળે છે, જ્યાં ભગવાન હજુ છે. | </p> |
| <p> | રાત્રે મુરૂગનાર પ્રસિદ્ધ તામિલ પંડિત રાઘવ આયંગરનું પુસ્તક લાવ્યા. એમાં પ્રમાણોથી સાબિત કર્યું છે કે તામિલ સાહિત્યમાં પ્રસિદ્ધ પરોપકારી પરી પિરાનમલઈ પાસે રહેતાં હતાં, સિલોનમાં નહીં, ભલે “તિરૂકોવલુર પુરાણ” વગેરે ગ્રંથો ગમે તે કહેતાં હોય. | </p> |
| <p> | સવારે જે મુલાકાતીએ યોગ વિશે સવાલ કર્યો હતો. એણે એ સવાલ ફરીથી કર્યો. “સવારે ભગવાને કહ્યું એ બધું હું સમજ્યો નથી. ધ્યાન દરમ્યાન મન ભટકવા લાગે ત્યારે મારે શું કરવું જોઈએ?” | </p> |
| <p> | ભગવાન : મન ભટકવા માંડે, ત્યારે એને પાછું વાળીને ધ્યાનમાં જોડવું જોઈએ. બીજો કોઈ માર્ગ નથી. ભગવદ્ગીતા (6.26) કહે છે કે જ્યારે જ્યારે અસ્થિર મન બહાર નીકળે, ત્યારે ત્યારે એનું નિયંત્રણ કરી આત્મામાં જોડાવું જોઈએ. | </p> |
| <p> | મુલાકાતી : તો પ્રાણાયામ નકામો છે? મારે એનો અભ્યાસ ન કરવો જોઈએ? | </p> |
| <p> | ભગવાન : પ્રાણાયામ પણ મદદરૂપ છે. મનની એકાગ્રતા માટેની વિવિધ પદ્ધતિઓમાંની એ એક છે, માટે એ હેતુથી એનો ઉપયોગ કરી શકાય પરંતુ સાધકે ત્યાં અટકી ન જવું જોઈએ. પ્રાણાયામથી નિયંત્રિત થયેલાં મનને થતા કોઈપણ અનુભવથી સંતુષ્ટ ન થઈ જતાં, એકાગ્ર બનેલાં મનને, આત્મામાં વિલીન ન થઈ જાય, ત્યાં સુધી “હું કોણ છું?” એ પ્રશ્નના સમાધાનની | </p> |

| | | |
|---|---|---|
| | શોધમાં જોડવું જોઈએ. | |
| <p> | મુલાકાતી : ધ્યાનમાં ઈશ્વરનાં રૂપો અને મંત્રોનો ઉપયોગ કરી શકાય? | </p> |
| <p> | ભગવાન : હા નક્કી એમ કરી શકાય. એ બધાં મદદ કરી શકે, નહીં તો ધર્મગ્રંથો એમનો ઉપદેશ શા માટે કરે? વિવિધ પ્રકૃતિઓને માફક આવે એવી વિવિધ રીતો અજમાવવાની સલાહ આપવામાં આવે છે. દરેકે સરળ લાગતી અને પસંદ પડતી રીત અપનાવવી જોઈએ. | </p> |
| <p> | પછી ભગવાને મૈસૂરના સ્વર્ગસ્થ મહારાજા વિષે વાત કરતાં કહ્યું કે તેઓ આવ્યા અને કોઈ પ્રશ્ન પુછ્યા વિના શાંતિથી થોડી વાર બેસીને ચાલ્યા ગયા. એમણે ફકત પોતાના રાજકાર્ય માટે આશીર્વાદ માગ્યા હતા. એ રીતે રાજેન્દ્રપ્રસાદ પણ રહ્યાં ત્યાં સુધી શાંત જ બેસતાં ત્યારે કે. એસ. શેષગિરિ ઐયરે કહ્યું : “એ વખતે હું હાજર હતો. બજાજ બધી વાતો કરતાં. તેઓએ રાજેન્દ્રપ્રસાદ માટે કહ્યું હતું “રાજેન્દ્ર પ્રસાદે લાભદાયક વ્યવસાય છોડીને દેશસેવાનું કામ અપનાવ્યું છે. આવા માણસને દમ જેવો દુ:ખદ રોગ શા માટે થવો જોઈએ?” ત્યારે ભગવાન થોડીવાર મૌન રહ્યા પછી કહ્યું હતું : “આ શરીર પોતે એક રોગ છે. તેથી રોગને રોગ કહેવાય.” વાત આગળ ચલાવતા ભગવાને આગળ કહ્યુ : “સત્યમૂર્તિ આવ્યા ત્યારે એ પણ મૌન રહેતા. પણ શ્રી નિવાસ શાસ્ત્રિએ કેટલાક પ્રશ્નો પૂછ્યા હતા. મેં જ્યારે સામે પ્રશ્નો પૂછ્યા તો તેઓ જવાબ આપી ન શક્યા. તેઓ પોતાના જ માર્ગને અનુસરવા ઈચ્છતા હતા. એમને અન્તર્મુખ બનાવવા માગતો હતો. જયારે તેઓ મને બહાર ખેંચવા માગતા હતાં.” | </p> |
| <p> | બપોર પછી રમણદાસે કહ્યું : ભગવાન સ્કન્દાશ્રમ રહેતાં હતા, ત્યારે એકવાર હું એકલો એમની સાથે હતો. આશ્રમનાં પગથિયાં પર બેઠો હતો એ વખતે એક માણસ એના પરિવાર સાથે પ્રવેશદ્વાર પાસે આવીને અટકીને ઊભો રહ્યો એણે મને એની પાસે બોલાવ્યો અને કહ્યું કે સ્વામીનાં અમે દર્શન કરી શકીએ કે નહીં એવું એમને પૂછો. મને આશ્ચર્ય થયું અને મેં પૂછ્યું : “તમે પરવાનગી શા માટે માગો છો?” એણે કહ્યું : “અમે અસ્પૃશ્ય (હરિજન) છીએ.” હું ભગવાન પાસે જવા માંડ્યો, પણ મને લાગ્યું કે આ બાબત ભગવાનને પુછવાથી એમને અન્યાય થશે. તેથી મેં એને કહ્યું : “ભગવાન માટે વર્ણનો કોઈ અર્થ નથી. તમે જરૂર અંદર આવી શકો છો.” બધાએ આવીને ભગવાનને સાષ્ટાંગ પ્રણામ કર્યા અને મને બરાબર યાદ છે કે એ હરિજનના પરિવાર તરફ ભગવાને દસ મિનિટ સુધી કૃપાદ્રષ્ટિ કરી હતી, જે ધનવાનો અને મોટા માણસોને દુર્લભ છે. | </p> |
| <p> | મુલાકાતી : મારે ફક્ત એટલું જાણવું છે કે નહીં, અને મારા અહીં આવવાથી મને મદદ મળશે કે નહીં? | </p> |
| <p> | ભગવાન : પહેલાં તમારે સત્સંગ શું છે એ અવશ્ય જાણવું જોઈએ. એનો અર્થ છે સત્ કે સત્ય સાથે સંગ કે સંબંધ થવો. જેણે સત્‌ને અનુભવથી જાણ્યું છે, એ પણ સત્ કહેવાય છે. સત્ સાથે અથવા સત્ જાણનાર સાથે આવો નિત્યસંબંધ સૌ માટે અનિવાર્ય રીતે જરૂરી છે. શંકરાચાર્ય પોતાના એક શ્લોકમાં કહે છે કે ત્રણે લોકોમાં સુરક્ષિત પણે જન્મમરણરૂપ ભવસાગર તરી જવા માટે સત્સંગ જેવી બીજી એકેય નાવ નથી. | </p> |
| <p> | 17-7-46 | </p> |

| | | |
|---|---|---|
| <p> | આજે સવારે ભગવાન કાઠમાંડુની કૉલેજના આચાર્ય શ્રી પાંડેના પત્ર વિશે વાત કરતા હતા. એમાં એમણે સ્મરણિકામાં વર્ણવ્યો છે. પ્રસંગ આ પ્રમાણે છે : વિદાયની સાંજે પાંડે તિરુવન્નામલઈના મોટા મંદિરમાં દર્શન કરવા ગયા હતા. ગર્ભગૃહમાં અરુણાચલના લિંગને જોતાં એમની સાથે આવેલો મિત્ર “અરુણાચલ અરુણાચલ” એમ બોલ્યો. પણ પાંડેને લિંગની જગાએ અને ચોતરફ ફક્ત ભગવાનનો ચેહરો જ દેખાયો. | </p> |
| <p> | 18 - 7 - 46 | </p> |
| <p> | આજે સવારે એસ.પી.ટાયલ નામના મુલાકાતી સવાલ કર્યો. | </p> |
| <p> | એસ.પી.ટાયલ : હું લગભગ વીસ વર્ષોથી સાધના કરું છું, પણ મને કંઈ પ્રગતિ જણાતી નથી. મારે શું કરવું જોઈએ? | </p> |
| <p> | ભગવાન : તમારી સાધના વિષે જાણ્યાં પછી હું કંઈ કહી શકું. | </p> |
| <p> | ભગવાન : જ્યારે પણ મન બહિર્મુખ બને ત્યારે એને પાછું વાળી આત્મામાં સ્થિર કરવા સિવાય સફળતાનો બીજો કોઈ માર્ગ નથી. મંત્રજપ કે ધ્યાન કે એકાગ્રતા એવું કંઈ કરવું આવશ્યક નથી, કારણ કે એ બધાં આપણું સાચું સ્વરૂપ છે. આત્મા સિવાયની બધી વસ્તુઓના વિચારોનો ત્યાગ જ જરૂરી છે. આત્માનો વિચાર નહીં, પણ અનાત્માના વિચારોનો ત્યાગ ધ્યાન છે. બાહ્ય પદાર્થોના વિચારો ત્યાગી, તમે તમારા મનને બહિર્મુખ બનતાં અટકાવો અને એને આત્મા તરફ વાળી, એમાં સ્થિર કરો, તો કેવળ આત્મા બાકી રહેશે. | </p> |
| <p> | ટાયલ : આ વિચારો અને ઈચ્છાઓનાં ખેંચાણને જીતવા મારે શું કરવું જોઈએ. વિચારો પર નિયંત્રણ મેળવવા મારે મારા જીવનનું શી રીતે નિયમન કરવું જોઈએ.? | </p> |
| <p> | ભગવાન : જેમ જેમ તમે આત્મામાં વધારે સ્થિરતા કેળવશો, તેમ તેમ બીજા વિચારો આપમેળે છુટી જશે. મન ફક્ત વિચારોનો સમૂહ છે, અને હું-વિચાર એ બધાનું મૂળ છે. આ "હું" કોણ છે. અને ક્યાંથી પ્રગટ થાય છે. એ તમે જુઓ ત્યારે બધા વિચારો આત્મામાં લીન થઈ જાય છે. જીવનમાં નિયમિતતા, જેમ કે નિશ્ચિત સમયે ઉઠવું, સ્નાન કરવું, સંધ્યા, મંત્ર જપ વગેરે દ્વારા જીવનનું નિયમન એવા લોકો માટે છે, જેઓ આત્માનુંસંધાન તરફ આકર્ષાતા નથી અથવા એ કરી શકતા નથી. પરંતુ આ પદ્ધતિ પ્રમાણે અભ્યાસ કરનાર માટે બધા નિયમો અને અનુશાસનો અનાવશ્યક છે. | </p> |
| <p> | સવારે શ્રી રંગનાથ ઐયરે ભગવાનને કહ્યું કે ગઈકાલનો કાર્યક્રમ પૂરો થયા પછી વરસાદનું સરસ ઝાપટું પડ્યું હતું. ભગવાને કહ્યું : “મને યાદ છે કે હું અહીં આવ્યો ત્યારે 1-9-1896ની રાત્રે એવું જ બન્યું હતું. એ પહેલાં લાંબા સમયથી વરસાદ થયો ન હતો પણ એ રાતે ખુબ વરસાદ થયો હતો. ત્યારે હું મોટા મંદિરના આગળના મંડપમાં હતો. એ દિવસે સવારે મેં કોપીન સિવાયનાં બધાં વસ્ત્રોનો ત્યાગ કર્યો હતો. વરસાદ અને ઠંડો પવન અસહ્ય લાગવાથી હું નજીકના મકાનની ઓસરીમાં ચાલ્યો ગયો હતો. મધરાતે ગલી તરફનું બારણું ખોલી કોઈ બહાર આવ્યું, એટલું હું મંદિરમાં દોડી ગયો હતો. ત્યાર પછી પણ થોડા દિવસ વરસાદ ચાલું રહ્યો હતો.” | </p> |
| <p> | ભગવાનના સવારના ભ્રમણ પછી ખંડમાં એમના વિષેના લેખો સન્ડે ટાઈમ્સમાંથી, ફ્રી | </p> |

| | | |
|---|---|---|
| | ઇન્ડિયામાંથી અને (ગુજરાતીમાં) મુંબઈ સમાચારમાંથી વાંચવામાં આવ્યા. બપોરે પછી નાગમ્માએ પોતાનું તેલગું કાવ્ય “રમણ સ્વર્ણ ઉત્સવ વૈભવમ્” વાંચ્યું જયન્તી દિવસે અર્પણ કરાયેલી “સ્મરણિકા” ભગવાને આજે વાંચી. એને રેશમના કાપડથી બાંધવમાં આવી હતી અને પહેલું અને છેલ્લું પાન સોનેરી બનાવવામાં આવ્યું હતું. આવી આવી એક ડિલક્ષ પ્રત ખંડની લાયબ્રેરીને આપવામાં આવી હતી. સર્વાધિકારીએ આવીને એ પ્રત તેમજ શાસ્ત્રીનું “લાઈફ ઓફ ભગવાન” જોયાં અને એ ભગવાન સિવાય કાઈને ન આપવાની સુચના કરી. | |
| <p> | સાંજે શ્રી દેસાઈએ ગંગાબેન પટેલના મુંબઈ સમાચારમાં પ્રસિદ્ધ થયેલો ગુજરાતી લેખનો અંગ્રેજી અનુવાદ વાંચી સંભળાવ્યો, જેમાં લક્ષ્મી ગાયનો ઉલ્લેખ હતો. | </p> |
| <p> | ભગવાન : મેં ક્યારેય કહ્યું નથી કે કીરઈપટ્ટી ગાય તરીકે જન્મ્યાં છે. | </p> |
| <p> | મેં કહ્યું : “મેં રાણીજીને એવું કહ્યું. પણ તેઓ કહે છે કે ‘એવું કહેવાય છે અને ઘણાં પુસ્તકોમાં અને નિબંધો માં લખાઈ ચુક્યું છે અને ભગવાને તેને નકાર્યું નથી. તો આપણે એને સત્ય જ માનીએ.’ મેં કહ્યું : “તેઓનો સવાલ એવી ધારણા ઉપર છે કે એક વૃદ્ધ સ્ત્રીએ બીજો જન્મ ગાયના રૂપે લીધો એવું ભગવાને કહ્યું છે કે નહિ એનો જવાબ તેઓ ઈચ્છે છે.” એના ઉપર ભગવાને કહ્યું કે એ સત્ય નથી કે મનુષ્ય તરીકેનો જન્મ આવશ્યકપણે શ્રેષ્ઠ છે. મનુષ્ય બનીને જ મોક્ષ મળે, એ સાચું નથી. પશુ પણ મોક્ષ મેળવી શકે છે. | </p> |
| <p> | વાત આગળ ચાલતાં ભગવાને કહ્યું કે લક્ષ્મી નાની વાછરડી હતી ત્યારે પણ તેનો વ્યવહાર અસામાન્ય હતો. એ દરરોજ આવીને પોતાનું મસ્તક મારા પગે મુકતી. ગોશાળાના ખાતમુહૂર્ત વખતે એ આનંદમાં હતી અને મને તેડવા આવી હતી. એ રીતે ગૃહપ્રવેશ વેળાએ પણ એ મને લઈ ગઈ હતી. ઘણી રીતે અને ઘણા પ્રસંગોએ એ ખૂબ જ બુદ્ધિપૂર્વક વર્તતી, તેથી એ અસાધારણ ગાય હતી, એમ કોઈપણ અનુમાન કરી શકે. | </p> |
| <p> | રાત્રે ભોજનખંડમાં શ્રીમતી તાલ્યારખાનની સહાયતાથી શ્રી ફીરામજી દોરાબજીએ “નન્દનાર” ફિલ્મ બતાવી. | </p> |
| <p> | **3-9-46 અપહારણ** | </p> |
| <p> | નાગમ્માએ નરસિંહ રાવનું જ્યંતીપ્રસંગનું પદ્ય વાંચ્યું. ભગવાનના કહેવાથી મેં ‘સ્મરણિકા’ માંથી કેટલાંક લેખ વાંચ્યા. રાત્રે મરાઠી ફિલ્મ “તુકારામ” ભગવાનને બતાવવામાં આવી. | </p> |
| <p> | ભગવાન : આ પ્રશ્ન કોણ પુછે છે? મન કે તમે? | </p> |
| <p> | મુલાકાતી : મન. | </p> |
| <p> | ભગવાન : તમે જુઓ કે આ મન શું છે, તો એ નિશ્ચલ બનશે. | </p> |
| <p> | મુલાકાતી : મન શું છે, એ શી રીતે જોવાય? | </p> |
| <p> | ભગવાન : તમે મનને શું માનો છો? | </p> |
| <p> | મુલાકાતી : મારા ખ્યાલ પ્રમાણે મન વિચાર છે. | </p> |
| <p> | ભગવાન : મન વિચાર સમૂહ છે. પણ બધા વિચારોનું મૂળ હું-વિચાર છે. તેથી જો તમે આ “હું” કોણ છે, એ શોધી કાઢો, તો મન અદ્રશ્ય થશે. તમે એને બહારના પદાર્થોનો વિચાર કરશો, ત્યાં સુધી મન રહેશે. જ્યારે તમે એને બહારના પદાર્થ તરફથી પાછું વાળી, એને પોતાના તરફ | </p> |

| | | |
|---|---|---|
| | કે “હું” તરફ વાળશો, અર્થાત્ અન્તમુર્ખ બનાવશો તો એ નષ્ટ  થઈ જશે. | |
| <p> | **25-10-46** | </p> |
| <p> | ત્રણચાર દિવસથી શ્રી સુબ્બારાવ પોતાનું તેલુગુમાં લખેલું “લાઈફ ઑફ ભગવાન” ખંડમાં વાંચી સંભળાવે છે.એમણે એમાં કેટલીક નવી વિગતો ઉમેરી છે. એક, ભગવાન પર્વત પર રહેતા હતા ત્યારે આવેલો નોળિયો સોનેરી રંગનો હતો. નયનાએ પણ રાવને કહ્યું હતું કે સ્વયં અરુણાચલેશ્વર નોળિયા રૂપે ભગવાનને જોવા આવ્યા હતા. બીજી, નયના કહેતા કે જેમનો ગ્રંથિભેદ થયો છે એવા ભગવાન જેવા પુરૂષો પાસે કૂતરા ટકી શકતાં નથી, તેથી તેઓ કૂતરાઓને હાંકી કાઢતા. આ સંબંધમાં ભગવાને કહ્યુઃ “હા,તેઓ બધાં કૂતરા ભગાડી મૂકતા. પણ એમાં એક અપવાદ હતો. નીલા નામની કૂતરી હંમેશાં મારા ખોળામાં બેસતી. એ બીજાં કૂતરાને પોતાનાં મા, બહેન, ભાઈઓને પણ સ્કંદાશ્રમના પ્રવેશ દ્વારથી આગળ આવવા દેતી નહીં. નયના કહેતા : “આ ભૂલથી કૂતરી તરીકે જન્મી છે.” રાવે નોંધ્યું છે કે નયના કહેતા એ સાચું પડતું. એમના જીવનની એક એવી ઘટના એમણે આ સાબિત કરવા નોંધી છે. | </p> |

</body></text>
</Doc>